# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

- **રાજ્યભરમાં ચાંદીપુરા વાઇરસના અત્યાર સુધીમાં 162 કેસ નોંધાયા... કુલ 73 દર્દીઓના મોત અને 81 દર્દીઓ સાજા થતા રજા અપાઇ**
- **NEET-PGની પરીક્ષા ગઇકાલે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઇ... ગુજરાતના દસ હજારથી વધુ  વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી**
- **બે દિવસ દરમિયાન રાજ્યભરમાં પવન સાથે છુટા છવાયા વરસાદની શક્યતા.. હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યુ**
- **ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના પગલે નર્મદા બંધમાંથી એક લાખ પચાસ હજાર ક્યુસેક જેટલુ પાણી છોડાતા નીચાણવાળા વિસ્તારના ગામોને સાવચેત કરાયા**
- **રાજ્યભરમાં હર ઘર તિરંગા યાત્રા અતર્ગત વિવિધ કાર્યક્રમોનુ આયોજન થયું**

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CHANDIPURA

રાજ્યભરમાં અત્યારસુધીમાં ચાંદીપુરા વાઇરસના કુલ 162 જેટલા કેસ નોંધાયા છે..જેમાં સાબરકાંઠા- પંચમહાલમાં સૌથી વધુ 16-16 કેસ નોંધાયા છે. જ્યારે અમદાવાદ શહેર અને ગ્રામ્યમાં મળીને 14 મહેસાણામાં દસ અને વડોદરામાં નવ શંકાસ્પદ કેસ મળેલા છે.. અત્યાર સુધીમાં જે કેસના પરિક્ષણ કરાવાયા છે તેમાં 60 કેસ પોઝિટીવ મળ્યાં છે અને 73 દર્દીઓના મોત થયા છે.. અલગ અલગ જીલ્લાઓમાં આઠ દર્દીઓ હાલ સારવાર લઇ રહ્યાં છે જ્યારે 81 દર્દીઓ રજા આપવામાં આવેલી છે..

આ કેસ જે ઘરમાં મળ્યા હોય તેની આસપાસના 53 હજાર કરતાં વધુ ઘરોમાં સર્વેલન્સની કામગીરી કરવામાં આવી છે.. જ્યારે આ વાઇરસનો વધુ ફેલાવો અટકાવા માટે દવાનો છંટકાવ, મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ સહિતની કામગીરી કરવામાં આવી છે..

-----------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા -(NAVIN)

# NEET PG

રાજ્યભરમાં અનુસ્નાતક ડિગ્રી અને ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની NEET-PG પરીક્ષા ગઇકાલે યોજાઇ ગઈ. રાજ્યના 10 હજારથી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. પ્રથમવાર આ પરીક્ષા બે પાળીમાં લેવામાં આવી હતી.

આ પરીક્ષાનું આયોજન દેશભરના 170 શહેરો ખાતે મેડિકલ વિજ્ઞાન ક્ષેત્રે રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ – NBEMS દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર દેશમાંથી 2.28 લાખ ઉમેદવારોએ આ પરીક્ષા આપી હતી.

---------------------------------------------------------------------

- પુલ, ડેસ્ક ,કરણ -(NAVIN)

# WEATHER

રાજ્યભરમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે..

હવામાન વિભાગે બે દિવસ દરમિયાન યલો એલર્ટ જાહેર કર્યું છે.. અમદાવાદ જિલ્લામાં પણ બે દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ક્યાંય ક્યાંક છુટાછવાયા વરસાદી ઝાપટાં પડી રહ્યા છે.

---

-રીપીટ

# NARMADA DAM

નર્મદા નદીમાં 1 લાખ 50 હજાર ક્યુસેક પાણી છોડાતા નદી બે કાંઠે વહેવા લાગી છે. સરદાર સરોવર ડેમના નવ દરવાજા 1.50 મીટર ખોલવામાં આવ્યા છે. જેથી બંધનાં નીચાણવાળા વિસ્તારમાં કોઈ દુર્ઘટના કે જાનહાની ના થાય તે માટે જરૂરી સુરક્ષા પગલાં લેવામાં આવ્યા છે અને નાગરિકોને સચેત રહેવા જણાવાયું છે.

નાંદોદ તાલુકાના સિસોદરા, ભદામ, માંગરોલ, ગુવાર, રામપુરા સહિત 16 ગામો, ગરુડેશ્વર તાલુકાના સાંજરોલી, સુરજવડ અને ગોરા સહિત 7 ગામો, તેમજ તિલકવાડા તાલુકાના વાસણ, તિલકવાડા, વડીયા, વિરપુર, રેંગણ એમ 5 ગામોના નાગરિકોને સચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

મધ્યપ્રદેશમાં ઉપરવાસમાં પડતા સતત વરસાદ તથા ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલ પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થવાથી બંધના નીચલા વિસ્તારમાં પાણી છોડવામાં આવ્યું છે. આપત્તિના સમયે 1077 નંબર ઉપર સંપર્ક કરી શકાશે.

---

-પીટીસી, નર્મદા, દીપક જગતાપ, કરણ

-(NAVIN)

# Vasana barrage

અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં પડેલા વરસાદના પગલે સાબરમતી નદીમાં પાણીની આવક વધી છે. આવક વધવાના પગલે અમદાવાદના વાસણા બેરેજના ત્રણ દરવાજા હાલ પૂરતા ખોલવામાં આવ્યાં છે..

વાસણા બેરેજમાંથી હાલમાં 2 હજાર 970 ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. જેના પગલે નદીના નીચાણવાળા વિસ્તારમાં આવતા ગામોમાં સાવચેતી જાહેર કરાઇ છે.

સાબરમતી નદીના નીચાણવાળા વિસ્તારમાં આવતાં વિવિધ ગોમોને સાવચેત રહેવા જણાવાયું છે..

------------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર હર્ષલ પંડયા

-(NAVIN)

# ANGDAN

સિવિલ હોસ્પિટલમાં 160મુ અંગદાન થયું છે. અમદાવાદ નજીક રહેતા એક વ્યક્તિને અકસ્માતમાં માથાના ભાગે ઇજા થતાં સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.

જ્યાં ફરજ પરના ડોક્ટરોએ સારવાર દરમિયાન દર્દીને બ્રેઇન ડેડ જાહેર કર્યા હતા... દર્દીના પરિવારજનોએ સર્વ સંમતિથી અંગદાનની સંમતિ આપી હતી... તેમના અંગોના દાનને કારણે બે કિડની તેમજ એક લીવરનું અંગદાન મળ્યુ હતું... જે સિવિલ કેમ્પસમાં જ આવેલી કિડની હોસ્પિટલના જરૂરીયાત મંદ દર્દીઓમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે તેમ સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોષી એ જણાવ્યું હતું.

આ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કુલ 160 અંગદાતાઓ થકી કુલ 517 અંગોનું દાન મળ્યું છે જેના થકી 501 વ્યક્તિઓને નવું જીવન મળ્યું છે.

---

- પીટીસી- અમદાવાદ –હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# TIRANGA YATRA

હર ઘર તિરંગા અભિયાનની સમગ્ર દેશ અને રાજ્યમાં ઉમળકા ભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં રાજ્યની વિવિધ શાળાઓ, કોર્પોરેશન, ખાનગી અને સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો તેમજ આમ નાગરીક આ અભિયાનમાં સહભાગી બની પોતાનું યોગદાન આપી રહ્યા છે.

તા. ૯ ઓગસ્ટ થી સમગ્ર દેશમાં શરૂ થયેલા આ અભિયાન અંતર્ગત ગુજરાતમાં પણ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. હર ઘર તિરંગા અભિયાનને કૃષિ સાથે સાંકળી ગીર સોમનાથ જીલ્લાના કોડીનાર તાલુકાના આલીદર ગામે હર ઘર તિરંગા યાત્રા નીકળવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ગામના ખેડૂત ભાઈ-બહેનો, સ્થાનિક આગેવાનોએ ભાગ લીધો હતો.

યાત્રા દરમ્યાન સમગ્ર વાતાવરણ “જય જવાન – જય કિસાન” ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતુ. ઉપરાંત કોડીનાર અને વેરાવળ મુકામે વિવિધ જૂથો દ્વારા યોજાયેલી મહેંદી હરીફાઈનાં કાર્યક્રમમાં 225 થી વધુ મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. જામનગરના જામજોધપુર ખાતે પણ તિરંગા યાત્રા નિકાળવામાં આવી હતી જેમાં રાજ્યના મંત્રી મુળુભાઈ બેરા તેમજ અન્ય ૨૨૦૦ થી વધુ લોકો જોડાયા હતા. તો સુરત ખાતે બાલાજી ગર્લ્સ હાઇસ્કુલ, ભાગળમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ..

જ્યારે તાપી જિલ્લાના સોનગઢ ખાતે પોલીસ વિભાગ દ્વારા નિકાળવામાં આવેલી રેલીમાં મોટી સંખ્યામાં પોલીસ જવાનો જોડાયા હતા.. ત્રીવેણી મેદાન, દાહોદ ખાતે શિક્ષણ અને પંચાયત વિભાગ દ્વારા બાળકોને તિરંગા અંગેની જાણકારી આપતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.

જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ જિલ્લામાં તિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

ઉપરાંત વિવિધ જાહેર સ્થળ પર સેલ્ફી પોઇન્ટ મુકવામાં આવ્યા હતા.. પાટણ ખાતે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા નિકળી હતી જેમાં ચાણસ્મા, સિધ્ધપુર તેમજ શંખેશ્વર અને પાટણની સ્થાનિક શાળાના વિદ્યાર્થિઓ, આચાર્ય તથા શિક્ષકો જોડાયા હતા. ઉપરાંત આજ શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, ગીત સંગીત અને વક્તૃત્વ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતુ..

નર્મદા જિલ્લામાં પણ દેડિયાપાડા પોલીસ સ્ટેશનના જવાનો દ્વારા રેલી નિકાળવામાં આવી હતી. જ્યારે ગરુડેશ્વરના કુંભીયા ગામે પ્રાથમિક શાળાના વિદ્યાર્થિઓ દ્વારા તિરંગા રેલી કાઢવામાં આવી હતી અમરેલી જિલ્લામાં ચલાલા નગરપાલિકા દ્વારા તમામ શાળાઓ માં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

---------------------------------------------------------------------

- અખબારી યાદી—હર્ષલ પંડ્યા -(NAVIN)

# RAILWAY EMPLOYEE'S AWARDED

પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગના 40 રેલ્વે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામા આવ્યા છે.

આ કર્મચારીઓને ફરજ દરમિયાન તેમની સતર્કતા અને તકેદારીના કારણે અનિચ્છનીય ઘટનાઓને રોકવામાં તેમના યોગદાન બદલ વિભાગીય રેલવે મેનેજર જિતેન્દ્ર સિંહના હસ્તે પ્રમાણપત્રો અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માનિત કર્મચારીઓમા ટ્રેકની જાળવણી કરનાર, એન્જીનીયર, ટેકનિશિયન, સ્ટેશન માસ્ટર અને મદદનીશ સહિતના કર્મચારીઓનો સમાવેશ થાય છે.

---

- ડીડી કરણ -(NAVIN)

# RAILWAY VISIT

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક અશોક કુમાર મિશ્ર એ ગઈકાલે અમદાવાદ રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ સાઈટની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે સ્ટેશન પર ચાલી રહેલા રિડેવલપમેન્ટ કામોની સમીક્ષા કરી હતી.. અમદાવાદ મંડળના અમદાવાદ-વિરમગામ-કટોસણ રોડ-બેચરાજી-રણુજ-મહેસાણા સેક્શનનું સંરક્ષા નિરીક્ષણ કર્યું.

તેમણે આ મુલાકાત દરમિયાન ઇન્ફ્રાસ્ટ્રક્ચરલ કાર્ય, રેલવે ટ્રેક, લેવલ ક્રોસીંગ, મહત્વપૂર્ણ અને નાના પુલો,પોઈન્ટ ક્રોસીંગ વગેરેનું ઉંડાણપૂર્વક નિરીક્ષણ કર્યું. તેમણે સંબંધિત અધિકારીઓ સાથે વિવિધ સંરક્ષા પાસાઓની સમીક્ષા કરી હતી અને સંબંધિત અધિકારીઓને જરૂરી યોગ્ય સૂચનાઓ પણ આપી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી- અમદાવાદ –હર્ષલ પંડ્યા -(NAVIN)

# KHEDA REHARSAL

ખેડામા નડિયાદ S.R.P. ગ્રાઉન્ડ ખાતે રાજ્યકક્ષાનાં સ્વતંત્ર દિવસ ઉજવણી કાર્યક્રમનું કલેક્ટર અમિત પ્રકાશ યાદવની ઉપસ્થિતિમાં રીહર્સલ થયું હતું..

જેમાં પોલીસ બેન્ડ સાથે આગમન, ધ્વજવંદન, પોલીસ જવાનો દ્વારા પરેડ, શાળા-કોલેજની વિદ્યાર્થીનીઓ અને મહિલા પોલીસ જવાનો દ્વારા સાંસ્કૃતિક પર્ફોમન્સ, રાયફલ ડ્રીલ, નેવી પેટ્રોલીંગ, ડોગ શો ના વિવિધ પર્ફોમન્સ, રાષ્ટ્રગાન અને નગરજનોનું પોલીસની જીપમાં બેસીને અભિવાદન સહિતના તમામ આયોજનોનું રીહર્સલ કરવામાં આવ્યું હતું.

જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાજેશ ગઢિયાએ જણાવ્યુ હતુ કે રિહર્સલમાં પોલીસ વિભાગ દ્વારા 19 પ્લાટુન, 150 રાઈફલ, મરીન ટાસ્ક ફોર્સ અને 370 જેટલી મહિલા પોલીસ જવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું રિહર્સલ કરાયું હતું

---

- પીટીસી- ખેડા- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# JAMNAGAR COLLAPSED

જામનગરની સાધના કોલોનીમાં એક ઇમારત ધરાશાઇ થઇ હતી. આ વિસ્તારના કોર્પોરેટર, આગેવાનો, ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે દોડી ગયા હતા.. મકાનનો કાટમાળ હટાવવાની કામગીરી કરવામા આવી હતી.. જોકે મહાનગરપાલિકાએ જર્જરિત ઇમારતો માંથી લોકોને દૂર કરતા કોઈ જાનહાની થઈ ન હતી.

થોડા દિવસો પૂર્વે પણ આજ કોલોનીમાં એક ઇમારત ધરાશાયી થતા એક વ્યક્તિનું મોત થયું હતું...

---

- પીટીસી- જામનગર –હર્ષલ પંડ્યા

-(NAVIN)